# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર

નંબરઃ કે.૪/૨૨૨૩ તા.૨૫/૦૫/૨૦૧૮

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ

સવિનય જણાવવાનું કે તા.૨૨/૦૫/૨૦૧૮ને મંગળવારના રોજ મળેલ સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યનોંધ આ સાથે સામેલ છે. કાર્યનોંધમાં જે સભ્યશ્રીઓએ જે કંઇ ફેરફાર સૂચવવાનો હોય તો તે આ કાર્યાલયને મોડામાં મોડા તા. ૩૧/૦૫/૨૦૧૮ સુધીમાં મળે તે રીતે મોકલવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

કા.કુલસચિવ

બિડાણ : ઉપર મુજબ

# સરદાર પટેલ યુનિવર્સિટી

## વલ્લભ વિદ્યાનગર

## સિન્ડિકેટની સભા (તારીખઃ૨૨/૦૫/૨૦૧૮)

## કાર્યનોંધ

સિન્ડિકેટની સભા, તારીખઃ૨૨/૦૫/૨૦૧૮ને મંગળવારના રોજ સવારે ૧૦:૩૦વાગ્યે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

| ક્રમ | સભ્યશ્રીઓના નામ |
|---|---|
| ૧) | ડૉ. શિરીષ આર. કુલકર્ણી (કુલપતિશ્રી) |
| ૨) | ડૉ. કે.સી.પટેલ |
| ૩) | ડૉ. નિરંજનકુમાર પી. પટેલ |
| ૪) | ડૉ. વિજયસિંહ એમ.વનાર |
| ૫) | ડૉ. ભાવેશભાઇ ડી. પટેલ |
| ૬) | શ્રી અલ્પેશ હરીશભાઇ પુરોહીત |
| ૭) | શ્રી બિપીનચંદ્ર પુરષોત્તમદાસ પટેલ |
| ૮) | શ્રી કેતનકુમાર પરસોત્તમદાસ પટેલ |
| ૯) | શ્રી મહેન્દ્રભાઇ કેવલદાસ નાયી |
| ૧૦) | શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૧) | શ્રી યજ્ઞેશકુમાર મોહનલાલ દલવાડી |
| ૧૨) | શ્રી મહંમદરફી ગુલાબભાઇ મન્સુરી |
| ૧૩) | શ્રી વિકાસ જીતેન્દ્રકુમાર શાહ |
| ૧૪) | શ્રી પ્રેમચંદ્ મોરારભાઇ કોરાલી |
| ૧૫) | શ્રી મનિષ એસ. પટેલ |
| ૧૬) | શ્રી રાજેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૭) | શ્રી સંજયકુમાર રમણભાઇ પટેલ |
| ૧૮) | શ્રી સુનીલ સુર્યકાન્તભાઇ શાહ |
| ૧૯) | શ્રી મીતેશભાઇ રમેશભાઇ પટેલ |

નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શક્યા ન હતાઃ-

૧) ડાયરેકટર, કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત રાજ્ય
૨) ડાયરેકટર ઓફ હેલ્થ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન
૩) જોઇન્ટ ડાયરેકટર (કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય)
૪) શ્રી દેવાંગભાઇ રમેશભાઇ પટેલ (જાણ કરી)
૫) શ્રી રાહુલ આનંદ દલાલ
૬) શ્રી મેહુલકુમાર દિનેશચંદ્ર પટેલ(પત્રથી જાણ કરી)
૭) શ્રીમતી પ્રતિક્ષા ચુનીભાઇ પટેલ (જાણ કરી)

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાન થી સભાની શરૂઆત કરવામાં આવી.

## (સિન્ડિકેટ વિભાગ)

૧. તારીખઃ૧૬/૦૪/૨૦૧૮ની રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.
(બિડાણઃ૧ પૃ.૧ થી૩૭, પરિશિષ્ટ-૧)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૧૬/૦૪/૨૦૧૮ની રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ નિચેના સુધારા સાથે મંજુર કરવી.**

**"સદરહુ કાર્યનોંધની બાબત ક્રમાંકઃ- ૩૮(A) પબ્લીકેશન બોર્ડમાં શ્રી પરેશભાઇ ત્રિવેદીના નામનો સમાવેશ કરવો."**

**શ્રી બિપીનચન્દ્ર પી. પટેલ, શ્રી વિજયસિંહ એમ. વનાર તથા શ્રી અલ્પેશ એચ. પુરોહિતના પત્રોની સભા સમક્ષ સ્પષ્ટતા કરી તેની નોંધ લેવામાં આવી.**

૨. તારીખઃ૧૬/૦૪/૨૦૧૮ની રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહિના અહેવાલની નોંધ લેવા બાબત. (બિડાણઃ૨ )

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૬/૦૪/૨૦૧૮ની રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલ ઠરાવો ઉપર કરેલ કાર્યવાહી મંજૂર કરવામાં આવી.**

૩. મંત્રીશ્રી, શ્રી બોરીઆવી કેળવણી મંડળ, બોરીઆવીએ તેઓના પત્રાંક નંઃ ૧૧૪/બી.બી.એ. જોડાણ ૨૬/૨૦૧૮-૧૯ તારીખઃ૦૬/૦૪/૨૦૧૮થી વર્ષ ૨૦૧૮-૧૯માં દ્રિતીય વર્ષ બી.બી.એ.(જનરલ) અભ્યાસક્રમ બંધ કરવો અને ત્યાર પછીના વર્ષ ૨૦૧૯થી ટી.વાય. બી.બી.એ. અભ્યાસક્રમ બંધ કરવા માટે કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

તથા

૪. તાલુકદારી હોસ્ટેલ ટ્રસ્ટ, સંચાલીત વિનાયકા કોલેજ ઓફ આઇ.ટી એન્ડ મેનેજમેન્ટ, નડીયાદમાં બી.બી.એ અભ્યાસક્રમ બંધ કરવા અંગે સ્થાાનિક-તપાસ-સમિતી યોજવામાં આવેલ હતી. સ્થાાનિક-તપાસ-સમિતી નો રીર્પોટ તથા સંસ્થા દ્રારા કોઇ પણ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો નથી તેવી બાંહેધરી સંસ્થા દ્રારા આપવામાં આવેલ છે. (બિડાણઃ૩ પૃઃ૩૮થી ૩૯)

તથા

૫. સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ, સંચાલીત બી.એફ.શાહ ઇન્સ્ટીટયુટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ આણંદમાં બી.બી.એ (આઇ.બી)અભ્યાસક્રમ બંધ કરવા અંગે સ્થાાનિક-તપાસ-સમિતી યોજવામાં આવેલ હતી. સ્થાનિક-તપાસ-સમિતી નો રીર્પોટ તથા સંસ્થા દ્રારા ચાલુ વર્ષના વિદ્યાર્થીઓને આણંદ કોમર્સ કોલેજ, આણંદમાં ટ્રાન્સફર કર્યા. તેનો પત્ર તેમજ જે વિદ્યાર્થીઓને તબદીલ કર્યા છે. તે લીસ્ટ આ સાથે સામેલ છે.
(બિડાણઃ૪ પૃઃ૪૦ થી ૪૨)

તથા

૬. કા.આચાર્યશ્રી, ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર એડવાન્સ સ્ટડીઝ એન્ડ રીસર્ચ, વલ્લભ વિદ્યાનગરએ તેઓના પત્રાંક નં: આઈસ્ટાર/ઓફ/૨૦૧૮-૧૯/૧૦૪ તારીખ:૨૪/૦૪/૨૦૧૮ થી વર્ષ ૨૦૧૮-૧૯માં એમ.એસ.સી(મોબાઈલ ટેકનોલોજી એન્ડ એપ્લીકેશન) અભ્યાસક્રમ બંધ કરવા માટે કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત ક્રમાંક:૩ થી ૬ સંદર્ભે જરૂરી કાર્યવાહી હાથ ધરી રાજય સરકારશ્રીને દરખાસ્ત કરવી.**

**(મહેકમ વિભાગ)**

૭. યુનિવર્સિટીમાં નીચે જણાવેલા કર્મચારીઓ તેમના નામ સામે દર્શાવેલી તારીખે બે વર્ષનો અજમાયશી સમય પુરો કરતા હોઈ તેઓને જે તે કાયમી જગા ઉપર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

| **અનુ.** | **નામ, હોદ્દો અને વિભાગ** | **બે વર્ષનો અજમાયશી સમય પૂરો થવાની તારીખ** |
|---|---|---|
| ૧. | ડૉ. પ્રશાંતભાઈ પ્રવિણચંદ્ર પિત્તળીયા<br>એસોસીએટ પ્રોફેસર, અનુસ્નાતક એમ. સી. એ. વિભાગ | ૩૦-૦૬-૨૦૧૮ |
| ૨. | ડૉ. સ્વાતિ જીતેન્દ્રકુમાર પંડ્યા<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગ | ૧૪-૦૭-૨૦૧૮ |

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ કર્મચારીઓના અજમાયશી સમયગાળા દરમ્યાનની કામગીરી સંતોષકારક હોઈ તેઓને સંબંધકર્તા તારીખથી કાયમી જગ્યા ઉપર કાયમ કરવા.**

**(યુ.જી.સી વિભાગ)**

૮. વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ, નવી દિલ્હીએ તેમના તા. ૧૬/૦૪/૨૦૧૮ના પત્ર ક્રમાંક : F.5-17/DRS-III/2018(SAP-III) થી અનુસ્નાતક બિઝનેસ એડમીનીસ્ટ્રેશન (MBA) વિભાગને સ્પેશ્યલ આસિસ્ટન્ટ પ્રોગ્રામ (SAP) અંતર્ગત DRS-III પ્રોગ્રામ માટે તારીખ : ૦૧-૦૪-૨૦૧૮ થી ૩૧-૦૩-૨૦૨૩ સુધીના પાંચ વર્ષના સમયગાળા માટે અનાવર્તક તથા આવર્તક ખર્ચ માટે રૂા. ૫૩.૦૦ લાખ તથા એક પ્રોજેક્ટ ફેલોનું અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત. (બિડાણ : ૫ )

**આથી ઠરાવવામાં આવે છે કે મંજૂર કરેલ ઉપરોકત અનુદાનની સહર્ષ નોંધ લેવી અને સંબંધકર્તાને અભિનંદન પાઠવવા.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૯. કા.આચાર્યશ્રી, સેન્ટ સ્ટીફન ઈન્સ્ટીટ્યુટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, આણંદમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે BCAનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા ચાલુ જોડાણ મેળવવા માટે તેમના તારીખ:૨૪/૦૪/૨૦૧૮ના પત્રાંક:SIBMT/1707/2017-18થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિ નીમવા માટે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત સંસ્થાએ કરેલ અરજી માટે સ્થાનિક તપાસ સમિતિ નીમવાની સત્તા કુલપતિશ્રીને આપવી.**

૧૦. સરદાર પટેલ યુનિવર્સિટીના કાયદાની કલમ-૪૪(૧) થી ૪૯ સંદર્ભે કોલેજો/અભ્યાસક્રમોના જોડાણ અંગે તારીખઃ ૦૧/૦૪/૨૦૧૧થી અમલમાં આવેલ પ્રવર્તમાન ઓર્ડિનન્સ ૪૨ની જોગવાઇઓ અંગે સમીક્ષા કરવા બાબત. (બિડાણઃ ૬)

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે પ્રર્વતમાન ઓર્ડિનન્સની જોગવાઇઓ માં જણાઇ આવેલ વિસંગતતાઓની સમીક્ષા કરી જરૂરી સુધારા વધારા સહિત સુચિત ઓર્ડિનન્સનો મુસદ્દો તૈયાર કરવા અંગે નીચેના સભ્યશ્રીઓની સમિતીની રચના કરવી.**

**૧. પ્રો કે.સી.પટેલ, બાયોસાયન્સ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી(સિન્ડિકેટ મેમ્બર)**
**૨. શ્રી રમેશભાઇ જી. પરમાર, નાયબ કુલસચિવ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.**
**૩. શ્રી આર.સી.ગઢવી, નાયબ કુલસચિવ, વીર નર્મદ યુનિવર્સિટી, સુરત.**
**૪. ડૉ. જાગૃતિ સુવેરા, નાયબ કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.**
**૫. શ્રી જયંત મેકવાન, પ્રોજેકટ ઓફિસર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે પ્રર્વતમાન ઓર્ડિનન્સમાં ક્ષતિઓનું મુલ્યાંકન કરી જરૂરી સુધારા વધારા સુચવવા (સિન્ડિકેટના સભ્યો પાસેથી લેખીત સુચનો અપેક્ષીત છે.)**

**(સિન્ડિકેટ વિભાગ)**

૧૧. મંત્રીશ્રી, મહુધા કેળવણી મંડળ, મહુધા તેઓના પત્રાંકઃ૦૨/૨૦૧૮-૧૯ તા.૦૭/૦૪/૨૦૧૮થી મંડળ દ્વારા સંચાલીત એમ.ડી. શાહ કોમર્સ એન્ડ બી.ડી. પટેલ આર્ટસ કોલેજ, મહુધાએ વિનયન વિભાગમાં મુખ્ય વિષય તરીકે અર્થશાસ્ત્ર, ગુજરાતી તથા સમાજશાસ્ત્ર ચલાવવામાં આવે છે. જે અનુસંધાન માં અર્થશાસ્ત્ર વિષય છેલ્લા ત્રણ વર્ષથી વિદ્યાર્થીઓનો પ્રવેશ ન થતો હોવાથી તે અભ્યાસક્રમ હાલ પુરતો વર્ષ ૨૦૧૮-૧૯ના વર્ષ પુરતો સ્થગિત કરવા નિર્ણય કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**તથા**

ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર દ્વારા સંચાલીત આચાર્યશ્રી, નલીની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આટર્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગરએ તેઓના પત્રાંક નંઃ૨૦૧૭-૧૮/૩૯૮ તારીખઃ૦૫/૧૦/૨૦૧૭ અને સ્મૃતીપત્ર તા.૨૬/૦૪/૨૦૧૮ થી ભુગોળ અભ્યાસક્રમ મુખ્ય તથા ગૌણ તરીકે વર્ષઃ૨૦૧૮-૧૯થી બંધ કરવા માટે વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી રાજય સરકારશ્રીને દરખાસ્ત કરવી.**

## (એકેડેમિક વિભાગ)

૧૨. યુનિવર્સિટી સંલગ્ન નીચેની કોલેજમાં અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

**પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂકનો હોદ્દો | એમ.સી.આઇ.પ્રમાણે જરૂરી લાયકાત | શેરો |
|---|---|---|---|---|
| ૧. | Dr. Hemantkumar Maheshchandra Bhatt<br>એમ.બી.બી.એસ.પાસ, ૧૯૯૧<br>એમ.એસ.(જનરલ સર્જરી) ૧૯૯૫<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>:**<br>૩ વર્ષ રેસીડેન્ટ<br>(જોડાયા તા.૧૫/૧૧/૨૦૧૭) | Assistsant Professor in Surgery | એમ.એસ.(સર્જરી)/એમ.એસ.(જનરલ સર્જરી)<br>Three years teaching experience inl the subject in a recognized medical college as resident/Registrar/ Demonstrator/Tutor | લાયકાત ધરાવે છે. |
| ૨. | Dr. Harsha K N<br>એમ.બી.બી.એસ.પાસ, ૨૦૦૩<br>એમ.એસ. (ENT) ૨૦૦૯<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>:**<br>૩ વર્ષ ૭ માસ સિની. રેસીડેન્ટ<br>(જોડાયા તા.૧/૧૧/૨૦૧૭) | Assistsant Professor in ENT | એમ.એસ. (ENT)(Oto-Rhino-Laryngology)<br>Three years teaching experience inl the subject in a recognized medical college as resident/Registrar/ Demonstrator/Tutor | લાયકાત ધરાવે છે. |
| ૩. | Dr. Varun Bhardwaj<br>એમ.બી.બી.એસ.પાસ, ૨૦૦૫<br>એમ.એસ. (ઓર્થોપેડીક) ૨૦૧૩<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>:**<br>૩ વર્ષ રેસીડેન્ટ<br>(જોડાયા તા.૧/૧૧/૨૦૧૭) | Assistsant Professor in Orthopaedics | એમ.એસ.(ઓર્થોપેડીક)<br>Three years teaching experience inl the subject in a recognized medical college as resident/Registrar/ Demonstrator/Tutor | લાયકાત ધરાવે છે. |
| ૪. | Dr. Prateek Sunil Joshi<br>એમ.બી.બી.એસ.પાસ, ૨૦૦૮<br>પી.જી.ડીપ્લોમાં (ઓર્થોપેડીક) ૨૦૧૨<br>ડીએનબી (ઓર્થોપેડીક) ૨૦૧૪<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>:**<br>૩ વર્ષ રેસીડેન્ટ<br>(જોડાયા તા.૧/૧૧/૨૦૧૭) | Assistsant Professor in Orthopaedics | એમ.એસ.(ઓર્થોપેડીક)<br>*Three years teaching experience inl the subject in a recognized medical college as resident/Registrar/ Demonstrator/Tutor<br>*DNB qualified candidates will also be considered quiivalent to MD/MS | લાયકાત ધરાવે છે. |
| ૫. | Dr. Animesh Kumar Singh<br>એમ.બી.બી.એસ.પાસ, ૨૦૦૪<br>એમ.એસ. (ઓર્થોપેડીક) ૨૦૧૨<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>:**<br>૩ વર્ષ ૧ માસ રેસીડેન્ટ<br>(જોડાયા તા.૧/૧૧/૨૦૧૭) | Assistsant Professor in Orthopaedics | એમ.એસ.(ઓર્થોપેડીક)<br>*Three years teaching experience inl the subject in a recognized medical college as resident/Registrar/ Demonstrator/Tutor | લાયકાત ધરાવે છે. |
| ૬. | Dr. Viral Vikrambhai Patel<br>એમ.બી.બી.એસ.પાસ,૨૦૦૦<br>એમ.ડી.(Radiodiagnosis) ૨૦૦૬<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>:**<br>૩ વર્ષ રેસીડેન્ટ<br>૫ વર્ષ આસીસ્ટન્ટ પ્રોફેસર | Professor in (Radio-diagnosis) (Promotions) | એમ.ડી. (Radiodiagnosis)<br>૧) માન્ય મેડીકલ કોલેજમાં સંબંધકર્તા વિષયમાં રીડર/એસો.પ્રોફેસર તરીકેનો ૩ વર્ષનો શૈક્ષણિક અનુભવ<br>**<u>ઇચ્છીતઃ</u>**<br>૧) ઇન્ડેક્ષ/મેડીકોઝ સુચિત, રાષ્ટ્રીય કક્ષાના | લાયકાત ધરાવે છે. |

| | | | | |
|---|---|---|---|---|
| | ૫ વર્ષ એસો. પ્રોફેસર<br>(જોડાયા તા.૧૫/૧૧/૨૦૧૭)<br>**<u>રીસર્ચ અનુભવ</u>:**<br>૪ - સ્ટેટ લેવલ જર્નલ | | જર્નલમાં ઓછામાં ઓછા ચાર અને આંતર રાષ્ટ્રીય કક્ષાના જર્નલમાં ઓછામાં ઓછા એક, પ્રસિધ્ધ થયેલ સંશોધન લેખો | |
| ૭. | Dr. Prakash Anilvadan Vohra<br>એમ.બી.બી.એસ.પાસ,૧૯૭૬<br>એમ.ડી.(Radiodiagnosis) ૧૯૮૦<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>:**<br>૪ વર્ષ આસીસ્ટન્ટ પ્રોફેસર<br>૧ વર્ષ ૮ માસ એસો. પ્રોફેસર<br>૧૮ વર્ષ ૭ માસ પ્રોફેસર<br>(જોડાયા તા.૧૩/૧૧/૨૦૧૭) | Professor in (Radio-diagnosis) (Promotions) | એમ.ડી. (Radiodiagnosis)<br>૧) માન્ય મેડીકલ કોલેજમાં સંબંધકર્તા વિષયમાં રીડર/એસો.પ્રોફેસર તરીકેનો ૩ વર્ષનો શૈક્ષણિક અનુભવ<br>**<u>ઇચ્છીતઃ</u>**<br>૧) ઇન્ડેક્ષ/મેડીકોઝ સુચિત, રાષ્ટ્રીય કક્ષાના જર્નલમાં ઓછામાં ઓછા ચાર અને આંતર રાષ્ટ્રીય કક્ષાના જર્નલમાં ઓછામાં ઓછા એક, પ્રસિધ્ધ થયેલ સંશોધન લેખો | લાયકાત ધરાવે છે. |
| ૮. | Dr. Manali<br>એમ.બી.બી.એસ.પાસ,૨૦૧૦<br>એમ.ડી.(Radiodiagnosis) ૨૦૧૫<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>:**<br>૩ વર્ષ રેસીડેન્ટ<br>(જોડાયા તા.૧૫/૧૧/૨૦૧૭) | Assistant Professor in (Radio-diagnosis) (Promotions) | એમ.ડી. (Radiodiagnosis)<br>*Three years teaching experience inl the subject in a recognized medical college as resident/Registrar/ Demonstrator/Tutor | લાયકાત ધરાવે છે. |
| ૯. | Dr. Vishal Dhirenbhai Thakker<br>એમ.બી.બી.એસ.પાસ,૨૦૦૭<br>એમ.ડી.(Radiodiagnosis) ૨૦૧૫<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>:**<br>૩ વર્ષ રેસીડેન્ટ<br>**<u>રીસર્ચ અનુભવ</u>:**<br>૨ - સ્ટેટ લેવલ જર્નલ<br>(જોડાયા તા.૧૩/૧૧/૨૦૧૭) | Assistant Professor in (Radio-diagnosis) (Promotions) | એમ.ડી. (Radiodiagnosis)<br>*Three years teaching experience inl the subject in a recognized medical college as resident/Registrar/ Demonstrator/Tutor | લાયકાત ધરાવે છે. |

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196(iv) અને Statute:197 ની જોગવાઇ મુજબ પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૯ ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

૧૩. (૧) સંયુકત શિક્ષણ નિયામકશ્રી (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃકવટ/૨૦૧૬/IHC2/ફાજલ/૩૮૪૩૧-૪૦ તારીખઃ૧૭ /૯/૨૦૧૬થી **કાર્યભારમાં ઘટાડો થતાં/૦(શૂન્ય)કાર્યભાર થતાં અધ્યાપકને બિનસરકારી અનુદાનપાત્ર કોલેજોમાં સમાવવા** અંતર્ગત પ્રા. ભાવનાબેન વી. કાછડીયાની શ્રી પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, ધોરાજી જી.રાજકોટ થી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મહેમદાવાદ જી.ખેડામાં સંસ્કૃત વિષયના પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે નિમણૂંક કરેલ છે. અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૨૭/૯/૨૦૧૬ના રોજ જોડાયા છે તેમ અને તેમની નિમણૂંકને મંજૂરી આપવા કાર્યકારી આચાર્યશ્રીના તારીખઃ૨૪/ ૩/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃપત્ર ક્રમાંકઃ MA&CC/233/2017-18 ઉપર વિચારણા કરવા બાબત.

તથા

(૨) આચાર્યશ્રી, સી.પી.પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદમાં કોમર્સ વિષયમાં ખંડ સમયના અધ્યાપક તરીકે ફરજ બજાવતા Dr. Hina Jayantilal Padiyaએ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનનાં ધોરણો મુજબની શૈક્ષણિક લાયકાત પરીપૂર્ણ કરેલ હોય પૂર્ણ સમયના અધ્યાપક સહાયક તરીકે રાજ્ય સરકારશ્રીએ માસિક ફિકસ રૂ.૪૦,૧૭૬/-ના પગારમાં સમાવેશ કરેલ છે તેની નોંધ લેવા બાબત.

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવ કરવામાં આવે છે કે નીચે પત્રકમાં દર્શાવેલ કોલેજો ના નામ સામે નિર્દેશ કરેલ અધ્યાપકોને રાજ્ય સરકારશ્રી તરફથી જે તે વિષયના અધ્યાપક તરીકે માન્યતા આપવામાં આવેલ છે તેને ધ્યાને લઇ અધ્યાપકોને યુનિવર્સિટીની માન્યતા આપવી.**

| ક્રમાંક | કોલેજ નું નામ | અધ્યાપકનું નામ | વિષય |
|---|---|---|---|
| ૧. | શ્રી પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, ધોરાજી જી.રાજકોટ થી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મહેમદાવાદ જી.ખેડામાં | પ્રા. ભાવનાબેન વી. કાછડીયા | સંસ્કૃત |
| ૨. | સી.પી.પટેલ એન્ડ એફ. એચ. શાહ કોમર્સ કોલેજ, આણંદ | Dr. Hina Jayantilal Padiya | કોમર્સ |

૧૪. કાર્યકારી આચાર્યશ્રી, આણંદ હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટયુટ, આણંદ તેમના તારીખઃ૨૦/૬/૨૦૧૭ના પત્ર ક્રમાંકઃ૩૧૫/૫૨/૨૦૧૭-૧૮થી તેમની કોલેજમાં નીચે મુજબના અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા વિચારણા કરવા બાબત.

**આણંદ હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટયુટ, આણંદ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧ | Devangkumar Mahendrakumar Parmar<br>ફોર્થ ઈયર બી.એચ.એમ.એસ., ૨૦૦૪ ૫૬.૧૦%, સેકન્ડ કલાસ,<br>એમ.ડી. (Organon & Hom.Philosophy) ૨૦૦૯<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>**<br>૧ વર્ષ ૧૧ માસ વ્યાખ્યાતા<br>૪ વર્ષ ૫ માસ રીડર<br>તારીખઃ૩૦/૧/૨૦૧૭થી પ્રોફેસર તરીકે ચાલુ | Professor in Surgery | લાયકાત ધરાવે છે |
| ૨ | Jimish Jagdishchandra Patel<br>ફોર્થ ઈયર બી.એચ.એમ.એસ., ૨૦૦૪ ૫૬.૫૦%, સેકન્ડ કલાસ,<br>એમ.ડી. (Repertory) ૨૦૦૯<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>**<br>૪ વર્ષ વ્યાખ્યાતા<br>૩ વર્ષ ૪ માસ રીડર<br>તારીખઃ૩૦/૧૧/૨૦૧૬થી પ્રોફેસર તરીકે ચાલુ | Professor in Repertory | લાયકાત ધરાવે છે |

| | | | |
|---|---|---|---|
| ૩ | Rasikkumar Motibhai Prajapati<br>ફોર્થ ઇયર બી.એચ.એમ.એસ., ૨૦૦૭ ૫૬.૧૦%, સેકન્ડ કલાસ,<br>એમ.ડી. (Materia Medica) ૨૦૧૨<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>**<br>૪ વર્ષ ૫ માસ આસી.પ્રોફેસર<br>તારીખઃ૧/૧૨/૨૦૧૬થી એસો. પ્રોફેસર તરીકે ચાલુ | Associate Professor in Materia Medica | લાયકાત ધરાવે છે |
| ૪ | Kaushal Bharatbhai Bhatt<br>ફોર્થ ઇયર બી.એચ.એમ.એસ., ૨૦૧૦ ૬૦.૨૫%, ફર્સ્ટ કલાસ,<br>એમ.ડી. (Materia Medica) ૨૦૧૫ | Assistant Professor in Materia Medica | લાયકાત ધરાવે છે |

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196(iv) અને Statute:197 ની જોગવાઇ મુજબ આણંદ હોમિયોપેથીક મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ ઇન્સ્ટીટયુટ, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૪ ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

૧૫. કાર્યકારી આચાર્યશ્રી, શ્રી કે.જી.પટેલ કોલેજ ઓફ એજયુકેશન, ઓડના તારીખઃ૩૧/૩/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃKGP/1532/2018થી તેમની કોલેજમાં નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા વિચારણા કરવા બાબત;

**શ્રી કે.જી.પટેલ કોલેજ ઓફ એજયુકેશન, ઓડ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Chaudhari Mayurikumari Hiteshbhai<br>બી.એ. (સંસ્કૃત) ૨૦૧૧ ૫૯.૭૭%<br>એમ.એ. (સંસ્કૃત) ૨૦૧૩ ૭૬.૭૫%<br>બી.એડ્. (સંસ્કૃત / ગુજરાતી) ૨૦૧૪ 8.63 SGPA<br>એમ.એડ્. ૨૦૧૦ ૭૧.૩૬%<br>**<u>જીસેટ (એજ્યુકેશન) ૨૦૧૭</u>** | Adhyapak Sahayak in Sanskrit | લાયકાત ધરાવે છે. |
| ૨. | Boski Singh<br>બી.એસસી. ૨૦૧૨ ૬૦.૩૮%<br>એમ.એસસી. (ગણિતશાસ્ત્ર) ૨૦૧૬ ૫૩.૨૨%<br>બી.એડ્. (મેથ્સ / સાયન્સ) ૨૦૧૩ ૮૬.૩૦%<br>એમ.એડ્. ૨૦૧૪ ૭૭.૩૮%<br>એમ.એડ્. (એજ્યુ. / સાયકોલોજી) ૨૦૧૭ 8.50 SGPA<br>**<u>જીસેટ (એજ્યુકેશન) ૨૦૧૪,૨૦૧૫ અને ૨૦૧૭</u>** | Adhyapak Sahayak in Mathematics | લાયકાત ધરાવે છે. |

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196(1)(B) અને Statute:197 ની જોગવાઇ મુજબ શ્રી કે.જી.પટેલ**

**કોલેજ ઓફ એજ્યુકેશન, ઓડમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ અને ૨ ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

૧૬. આચાર્યશ્રી, ડી.સી. પટેલ સ્કુલ ઓફ આર્કીટેકચર અરવિંદભાઇ પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ એન્વારમેન્ટલ ડિઝાઇન, વલ્લભ વિદ્યાનગરના તારીખઃ૨૫/૯/૨૦૧૭ના પત્ર ક્રમાંકઃArch/286/2017થી તેમની કોલેજમાં નીચેના અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા વિચારણા કરવા બાબત;

**ડી.સી. પટેલ સ્કુલ ઓફ આર્કીટેકચર અરવિંદભાઇ પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ એન્વારમેન્ટલ ડિઝાઇન, વલ્લભ વિદ્યાનગર**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Bhadra Manali Bhanjibhai<br>બી.આર્કિટેકચર, ૬૨.૪૧%, ફર્સ્ટ કલાસ, ૨૦૧૩ | Assistant Professor | લાયકાત ધરાવે છે. |

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196(iii) અને Statute:197 ની જોગવાઇ મુજબ ડી.સી. પટેલ સ્કુલ ઓફ આર્કીટેકચર અરવિંદભાઇ પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ એન્વારમેન્ટલ ડિઝાઇન, વલ્લભ વિદ્યાનગરમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ ની કરેલ અધ્યાપકની નિમણૂંકને માન્યતા આપવી.**

## (યુ.જી.સી વિભાગ)

૧૭. યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન, ન્યુ દિલ્હીના તા. ૦૧/૦૫/૨૦૧૮ના પત્ર અનુસાર SWAYAM યોજના અંતર્ગત MOOCs (Massive Open Online Course) યુનિવર્સિટી કક્ષાએ શરૂ કરવા જાણ કરવામાં આવેલ છે. આ સંદર્ભે SWAYAM યોજનાના અમલીકરણ બાબતે કો-ઓર્ડીનેટરની નિમણૂંક કરવા વિચારણા કરવા બાબત.

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન, ન્યુ દિલ્હીના તા. ૦૧/૦૫/૨૦૧૮ના પત્ર અનુસાર SWAYAM યોજના અંતર્ગત MOOCs (Massive Open Online Course) યુનિવર્સિટી કક્ષાએ શરૂ કરવા જાણ કરવામાં આવેલ છે. આ સંદર્ભે SWAYAM યોજનાના અમલીકરણ બાબતે કો-ઓર્ડીનેટર તરીકે શ્રી પ્રકાશચંન્દ્ર બીપીનભાઇ પટેલ,એસોસિએટ પ્રોફેસર, અનુસ્નાતક ઇલેકટ્રોનિકસ વિભાગની નિમણૂંક કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પણ ઉપરોકત યોજનાઓના અમલીકરણ અંગે શ્રી રાજેશભાઇ સોલંકી વી. પી. સાયન્સ કોલેજ તથા ડૉ. જયેશ પુજારા, આચાર્ય, શ્રી ડી. એન. ઇન્સ્ટીટ્યુટ ઓફ પી.જી સ્ટડીઝ ઇન કોમર્સ, આણંદ કો-ઓર્ડિનેટર ના સહાયક તરીકેની જવાબદારી સોંપવી.**

## (સિન્ડિકેટ વિભાગ)

૧૮.૦ આચાર્યશ્રી, જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વલાસણમાં જૂન-૨૦૧૮થી ગ્રાન્ટ-ઇન-એઇડના ધોરણે બી.એડનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા કાયમી જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે

પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ:૭ .૦ પૃ:૪૩ થી ૪૬.૧)

**<u>SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE</u>**

03 Assoc./Asst. Professors are to be appointed as per the requirement of the Subjects.
The Services of Performing Arts&Physical Education teacher is to be taken as a Part-time(All ready in D.Ped).
Uni. News, NCERT Periodically, NUPA Periodicaly are to be Subscribed from this year.

**૧૮.૧** કા.આચાર્યશ્રી, એમ.બી.પટેલ સાયન્સ કોલેજ, આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સી(ઝુલોજી)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે નવું જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ:૭ .૧ પૃ:૪૭ થી ૪૯)

**<u>SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE</u>**

It is required to ensure timely appointment of recommended staff for the new course.

**૧૮.૨** કા.આચાર્યશ્રી, એમ.બી.પટેલ સાયન્સ કોલેજ, આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સી(બોટની)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે નવું જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ:૭ .૨ પૃ:૫૦ થી ૫૨)

**<u>SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE</u>**

It is required to ensure timely appointment of recommended staff.

**૧૮.૩** કા.આચાર્યશ્રી, એમ.બી.પટેલ સાયન્સ કોલેજ, આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સી(ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે નવું જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.
(બિડાણ:૭ .૩ પૃ:૫૩ થી ૫૫)

**<u>SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE</u>**

It is required to ensure timely appointment of the teaching staff recommended.

**૧૮.૪** આચાર્યશ્રી, બી. એ. પટેલ સાયન્સ કોલેજ, વસોમાં જૂન-૨૦૧૮થી નાણાકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સીનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે નવું જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ:૭ .૪ પૃ:૫૬ થી ૫૮)

**<u>SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE</u>**

Orders for Purchasing necessary equipment/chemicals has already been placed.
Process of Appointment should be speeded up.

**૧૮.૫** કા.આચાર્યશ્રી, એમ.બી.પટેલ સાયન્સ કોલેજ, આણંદમાં જૂન-૨૦૧૭થી નાણાકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સીનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે વધારાના ડીવીઝનનું ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા

કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.
(બિડાણઃ૭ .૫ પૃઃ૫૯ થી ૬૧)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**
Existing staff should be continued.

૧૮.૬ કા.આચાર્યશ્રી, એમ.બી.પટેલ સાયન્સ કોલેજ, આણંદમાં જૂન-૨૦૧૭થી નાણાકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સીનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે વધારાના ડીવીઝનનું ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.
(બિડાણઃ૭ .૬ પૃઃ૬૨ થી ૬૪)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**
Existing staff should be continued.

૧૮.૭ કા.આચાર્યશ્રી, એમ.બી.પટેલ એપ્લાઇડ સાયન્સ કોલેજ,મોગરી માં જૂન-૨૦૧૭થી નાણાકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.એસ.સી(ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે નવું જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૭ .૭ પૃઃ૬૫ થી ૬૭)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**
Existing staff should be continued.

૧૮.૮ કા.આચાર્યશ્રી, ઇન્સ્ટીટયુટ ઓફ સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઇન રીન્યુએબલ એર્નજી , ન્યુ વિધાનગર માં જૂન-૨૦૧૭થી નાણાકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(રીન્યુએબલ એર્નજી)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૭ .૮ પૃઃ૬૮ થી ૭૦)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**
All conditions have been fulfilled.

૧૮.૯ કા.આચાર્યશ્રી, શ્રી પી. એમ. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ પી.જી સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઇન સાયન્સ ,આણંદમાં જૂન-૨૦૧૭થી નાણાકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(માઇક્રોબાયોલોજી)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે એક વધારાના ડીવીઝનનું જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૭ .૯ પૃઃ૭૧ થી ૭૩)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**
All conditions have been fulfilled.

૧૮.૧૦ કા.આચાર્યશ્રી, શ્રીમતી મિનાક્ષીબેન. ડી. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ ફીઝીકલ સાયન્સ એન્ડ રીસર્ચ, આણંદમાં જૂન-૨૦૧૭થી નાણાકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(ફીઝીકસ)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન

કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ:૭.૧૦ પૃ:૭૪ થી ૭૬)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

Out of 5 Asst. Profs 3 are continued therefore, 2 more are required to be appointed.
At least 1 Associate Prof. should be appointed since it is a PG course.

૧૮.૧૧ આચાર્યશ્રી, શ્રી એ. એન. પટેલ પી.જી ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચ,આણંદમાં જૂન-૨૦૧૭થી નાણાકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(ફીઝીકસ)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ:૭ .૧૧ પૃ:૭૭ થી ૭૯)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

Since this is a PG course at least one faculty member of the rank of Associate Professor should be appointed.

૧૮.૧૨ આણંદ ઈન્સ્ટિટયુટ ઓફ પી.જી.સ્ટડીઝ ઇન આટર્સ, આણંદમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બેચલર ઓફ લાઈબ્રેરી સાયન્સનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ:૭ .૧૨ પૃ:૮૦ થી ૮૨)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

Post of principal has not been appointed.
Regular faculties are not appointed as per required.

૧૮.૧૩ આણંદ ઈન્સ્ટિટયુટ ઓફ પી.જી.સ્ટડીઝ ઇન આટર્સ, આણંદમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે માસ્ટર ઓફ લાઈબ્રેરી સાયન્સનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ:૭ .૧૩ પૃ:૮૩ થી ૮૫)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

Separate Departmental Library is required.

૧૮.૧૪ કા.આચાર્યશ્રી,એઈમ્સ કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, બાકરોલમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.બી.એ(ઓનર્સ)હોસ્પી. મેનેજમેન્ટનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણ: ૭.૧૪ પૃ:૮૬થી૮૮)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

Fulltime Principal be appointed.
Latest text books be purchased of Rs.10,000/-
Library be made more user friendly.

Reference books be purchased of Rs. 5000/-.

૧૮.૧૫ કા.આચાર્યશ્રી, સેન્ટ સ્ટીફન ઈન્સ્ટિટયુટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, આણંદમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.બી.એ(જનરલ)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેંટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૭ .૧૫ પૃઃ૮૯ થી ૯૧)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

Fulltime Principal be appointed.
One faculty for Economics be appointed.
Library be made more user friendly.
Latest books be purchased of Rs.20,000/-.

૧૮.૧૬ શ્રી ડી. એન ઈન્સ્ટિટયુટ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન, આણંદમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.બી.એ(જનરલ)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે વધારાના ડીવીઝનનું ચાલુ જોડાણ આપવા સેનેંટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૭ .૧૬ પૃઃ૯૨ થી ૯૪)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

Fulltime Principal be appointed.
Latest text books may be purchased
Library be made more user friendly.

૧૮.૧૭ શ્રી ડી. એન ઈન્સ્ટિટયુટ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન, આણંદમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.બી.એ(આઈ.ટી.એમ)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેંટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૭ .૧૭ પૃઃ૯૫ થી ૯૭)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

Fulltime Principal be appointed.
Latest text books may be purchased
Library be made more user friendly.

૧૮.૧૮ કા.આચાર્યશ્રી, આણંદ ઈન્સ્ટિટયુટ ઓફ બિઝનેશ સ્ટડીઝ, આણંદમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.બી.એ(આઈ.એસ.એમ)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેંટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૭ .૧૮ પૃઃ૯૮ થી ૧૦૦)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

Fulltime Principal be appointed.
Latest text books may be purchased
Library be made more user friendly.

૧૮.૧૯ કા.આચાર્યશ્રી, આણંદ ઈન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેશ સ્ટડીઝ, આણંદમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.બી.એ( જનરલ)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણઃ૭ .૧૯ પૃઃ૧૦૧ થી ૧૦૩)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

Fulltime Principal be appointed.
Latest text books may be purchased
Library be made more user friendly.

૧૮.૨૦ કા.આચાર્યશ્રી, શ્રી ડી. એન ઈન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન, આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.બી.એ(જનરલ)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે વધારાના ડીવીઝનનું ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૭ .૨૦ પૃઃ૧૦૪ થી ૧૦૬)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

Fulltime Principal be appointed.
Computer lab technician to be appointed.
Existing facilities to be continued.
Reference books worth Rs. 10,000/- to be purchased.

૧૮.૨૧ કા.આચાર્યશ્રી, શ્રી ડી. એન ઈન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન, આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.બી.એ(આઇ.ટી.એમ)નો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૭ .૨૧ પૃઃ૧૦૭ થી ૧૦૯)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

Fulltime Principal be appointed.
Computer lab technician to be appointed.
Existing facilities to be continued.
Reference books worth Rs. 10,000/- to be purchased.

૧૮.૨૨ આચાર્યશ્રી, શ્રી એ. એન. પટેલ પી.જી ઇન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ રીસર્ચ,આણંદમાં જૂન-૨૦૧૭થી નાણાકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(મેથેમેટીક સ)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૭ .૨૨ પૃઃ૧૧૦ થી ૧૧૨)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

Since this is a PG course Associate Professor should be appointed.

૧૮.૨૩ આચાર્યશ્રી, સી. બી. પટેલ પટેલ આટર્સ કોલેજ, નડીયાદમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એ(સાયકોલોજી) નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણઃ૭ .૨૩ પૃઃ૧૧૩ થી ૧૧૫)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

As per Before Not fulfill the rules of Uni. as per 24/06/2016.

Staff of M.A(Psychology)is not appointed Full time is Mostly required good experinence of teacher is needed. Staff is not Sufficient.

૧૮.૨૪ આચાર્યશ્રી, સી. બી. પટેલ પટેલ આટર્સ કોલેજ, નડીયાદમાં જૂન-૨૦૧૭થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એ(અંગ્રેજી)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણઃ૭.૨૪ પૃઃ૧૧૬ થી ૧૧૮)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

Regular Teaching Faculty(02) may please be appointed as per the UGC & University norms on the permanent basis.

૧૮.૨૫ આચાર્યશ્રી, દિનશા પટેલ કોલેજ ઓફ નર્સિંગ, નડીયાદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે પોસ્ટ બેઝીક બી.એસ.સીનર્સિંગનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે નવુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણઃ૭.૨૫ પૃઃ૧૧૯ થી ૧૨૧)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

The Trust/college has fullfilled the requirements recommendation of LIC.

Mainely, neonatal, resuscitation advanced surgical and medical skills Laboratory and the required journals.

૧૮.૨૬ આચાર્યશ્રી, દિનશા પટેલ કોલેજ ઓફ નર્સિંગ, નડીયાદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી નર્સિંગનો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે નવુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(બિડાણઃ૭ .૨૬ પૃઃ૧૨૨ થી ૧૨૪)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

The Trust/college has fullfilled the requirements recommendation of LIC.

Mainely, neonatal, resuscitation advanced surgical and medical skills Laboratory and the required journals.

૧૮.૨૭ કા.આચાર્યશ્રી, શ્રીમતી ટી. જે. પટેલ કોમર્સ કોલેજ, નડીયાદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.કોમ(અંગ્રેજી માધ્યમ)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે નવુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા

કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.
(બિડાણઃ૭.૨૭ પૃઃ૧૨૫ થી ૧૩૦)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

The Institute should appoint one Assistant professor.

The Institute should appoint full time regular principal.

The Institute has already place the order for required Books & journals.(Refer Annexure1 & Annexure-4)

૧૮.૨૮ આચાર્યશ્રી, શ્રી ડી. એન. ઇન્સ્ટીટ્યુટ ઓફ પી.જી. સ્ટડીઝ ઇન કોમર્સ , આણંદમાં જૂન-૨૦૧૮થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે પી.જી. ડિપ્લોમાં ઇન માર્કેટીંગ મેનેજમેન્ટનો ડિપ્લોમાં અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે નવુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૭.૨૮ પૃઃ૧૩૧ થી ૧૩૩)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

All conditions are fullfilled- as per the recommendations made by LIC.

**(નોંધ : બાબત ક્રમાંકઃ ૧૮.૦ થી ૧૮.૨૮ની ચર્ચા એક સાથે હાથ ધરવામાં આવી હતી.)**

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત ઓન-ધ-સ્પોટ સમિતિઓએ આપેલ અહેવાલો સ્વીકારવા અને રાજ્ય સરકારશ્રીને જોડાણ અંગેના જાહેરનામા બહાર પાડવા માટે ભલામણ કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે કોલેજ/સંસ્થાઓના જોડાણ બાબતે સુચારૂ સંચાલનના ભાગરૂપે સમયાંતરે મુલ્યાંકન અને માર્ગદર્શન માટે ટાસ્કફોર્સ સમિતીની રચના કરવી.**

**(હિસાબ વિભાગ)**

૧૯. તા.૧૧/૦૫/૨૦૧૮ને શુક્રવારના રોજ મળેલ ફાઇનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિની સભાએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૮)

**આથી ઠરાવવામાં આવે છે કે તા.૧૧/૦૫/૨૦૧૮ને શુક્રવારના રોજ મળેલ ફાઇનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિની સભાએ કરેલ ભલામણો મંજૂર કરવી.**

**(એસ્ટેટ વિભાગ)**

૨૦. તારીખઃ૧૦/૦૫/૨૦૧૮ને ગુરુવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ સમિતિની કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૯)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૧૦/૦૫/૨૦૧૮ને ગુરુવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ સમિતિની કરેલ ભલામણો મંજૂર કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૦/૫/૨૦૧૮ના રોજ મળેલ સદરહુ સમિતિની ભલામણો પૈકી ભલામણ ક્રમાંકઃ૫ સંદર્ભે સ્વીમીંગપુલ બાંધકામ અંગે થનાર વધારાનો અંદાજીત ખર્ચ રૂા.૧૦,૦૦,૦૦૦/- મંજુર કરવો.**

**(જનરલ વિભાગ)**

૨૧. ડૉ. એસ. એસ. સોની, પ્રોફેસર, અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના તા. ૦૨/૦૪/૨૦૧૮ના પત્રથી તા.૦૭/૦૫/૨૦૧૮ થી ૦૬/૦૬/૨૦૧૮ દરમ્યાન INSA-CAS-Bilateral Exchange Scientists Programme, અંતર્ગત ચાઈના જવા માટેની પરવાનગી માંગેલ છે. સદર મુલાકાતનો ખર્ચ INSA-CAS દ્વારા ચૂકવવામાં આવશે જેથી યુનિવર્સિટીને કોઈપણ પ્રકારનું આર્થિક ભારણ રહેતું નથી વળી આ સમય દરમ્યાન વેકેશન છે.

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એસ. એસ. સોની, પ્રોફેસર, અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગના તા. ૦૨/૦૪/૨૦૧૮ના પત્રથી કરેલ વિનંતી અંગે તા.૦૭/૦૫/૨૦૧૮ થી ૦૬/૦૬/૨૦૧૮ દરમ્યાન INSA-CAS-Bilateral Exchange Scientists Programme, અંતર્ગત ચાઈના જવા માટેની મંજુરી આપવી તથા તેમની પાસેથી નિયમોનુસાર બોન્ડ લેવું.**

૨૨. Zytex Biotech Pvt. Ltd, Vadodara દ્વારા ડૉ. હરેશ કેહરિયા પ્રોફેસર, અનુસ્નાતક બાયોસાયંસીસ વિભાગની સંશોધન યોજના "Evaluation of antagonism of Bacillus strain against Escherichia coli, Salmonella enterica and Clostridium perfringens" છ માસ માટે મંજૂર કરી આવર્તક ખર્ચ માટે કુલ રૂ. ૨,૫૮,૫૦૦/-નું મંજૂર થયેલ અનુદાનની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે મંજૂર કરેલ ઉપરોકત અનુદાનની સહર્ષ નોંધ લેવી અને સંબંધકર્તાને અભિનંદન પાઠવવા.**

**(એકેડેમિક વિભાગ)**

૨૩. આચાર્ય, સી.પી.પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ, આણંદના તારીખઃ૯/૪/૨૦૧૮ના બે પત્રોથી તેમની કોલેજમાં નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા વિચારણા કરવા બાબત;

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Talpada Ajaybhai Arvindbhai<br>બી.કોમ. ૨૦૧૫ 6.65 CGPA<br>એમ.કોમ. ૨૦૧૭ 7.40 CGPA<br>**જીસેટ (કોમર્સ) ૨૦૧૭** | Assistant Professor in Commerce / Management in DDU Kaushal Kendra Purely on contract basis (Up to 31st March, 2019) | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| ૨. | Parmar Dilipkumar Keshaji<br>બી.કોમ. ૨૦૧૪ 6.09 CGPA<br>એમ.કોમ. ૨૦૧૭ 7.35 CGPA<br>**જીસેટ (કોમર્સ) ૨૦૧૬** | Assistant Professor in Commerce / Management in DDU Kaushal Kendra Purely on contract basis (Up to 31st March, 2019) | લાયકાત ધરાવે છે. |
| ૩. | Mehta Ashutosh Bhupeshbhai<br>બી.કોમ. ૨૦૧૩ 7.02 CGPA<br>એમ.કોમ. ૨૦૧૬ 7.80 CGPA<br>એમ.ફીલ. (કોમર્સ) ૨૦૧૭ ૭૮%<br>**જીસેટ (કોમર્સ) ૨૦૧૬** | Assistant Professor in Commerce / Management in DDU Kaushal Kendra Purely on contract basis (Up to 31st March, 2019) | લાયકાત ધરાવે છે. |
| ૪. | Valand Brijesh Hiteshbhai<br>બી.બી.એ. ૨૦૦૯ ૬૨.૭૮%<br>એમ.કોમ. ૨૦૧૧ ૬૬.૩૧%<br>એમ.ફીલ. (કોમર્સ) ૨૦૧૨ ૭૫.૨૫%<br>**જીસેટ (કોમર્સ) ૨૦૧૬**<br>**પી.એચડી. (કોમર્સ) ૨૦૧૮** | Assistant Professor in Commerce / Management in DDU Kaushal Kendra Purely on contract basis (Up to 31st March, 2019) | લાયકાત ધરાવે છે. |

**સદર બાબતની ચર્ચા હાલ મુલ્તવી રાખવી.**

**(મહેકમ વિભાગ)**

૨૪. યુનિવર્સિટીમાં મુખ્ય હિસાબી અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી નરેશકુમાર કનુભાઈ ભટ્ટનો બે વર્ષનો અજમાયશી સમય તારીખઃ ૦૩-૦૨-૨૦૧૮ના રોજ પૂર્ણ થયેલ હોઈ તેઓને જે તે જગા ઉપર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે મુખ્ય હિસાબી અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી નરેશકુમાર કનુભાઈ ભટ્ટ ની અજમાયશી ગાળા દરમ્યાનની કામગીરી સંતોષકારક હોઈ તારીખઃ૦૩-૦૨-૨૦૧૮થી કાયમી જગ્યા ઉપર કાયમ કરવા.**

૨૫. યુનિવર્સિટીની વહીવટી જગાઓ ભરવા નીચે જણાવેલ તારીખે મળેલ પસંદગી સમિતિએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

| અ. નં. | હોદ્દો | જગ્યા | પે બેન્ડ<br>ગ્રેડ પે | પસંદગી સમિતિ મળ્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧. | વિકાસ અધિકારી | ૦૧ | રૂા.૧૫,૬૦૦-૩૯,૧૦૦<br>રૂા.૬,૬૦૦/- | ૧૫/૦૫/૨૦૧૮ |
| ૨. | પ્રેસ મેનેજર (યુનિ. પ્રેસ) | ૦૧ | રૂા.૯,૩૦૦-૩૪,૮૦૦<br>રૂા.૪,૨૦૦/-* | ૧૫/૦૫/૨૦૧૮ |

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે પસંદગી સમિતીએ કરેલ ભલામણો નીચે મુજબ ભલામણો મંજુર કરવી.**

**(૧) વિકાસ અધિકારીની જગા ઉપર શ્રી સુમિત જનાર્દન શર્માની નિયમ મુજબ બે વર્ષના અજમાયશી સમયગાળા માટે નિમણૂંક કરવી અને પસંદગી સમિતીની ભલામણ મુજબ પ્રતિક્ષા યાદી અનુસાર દ્વિતીય ક્રમે શ્રી અતુલભાઈ પટેલની પસંદગી યથાવત રાખવી.**

**(૨) પ્રેસ મેનેજર ની જગા ઉપર ડૉ. સુરેશભાઈ ફકીરભાઈ પટેલની નિયમ મુજબ બે વર્ષના અજમાયશી સમયગાળા માટે નિમણૂંક કરવી.**

૨૬. **<u>કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યની માહિતીઃ</u>**

**<u>(૧) મંજુરી આપ્યા તારીખ(૦૫/૦૫/૨૦૧૮) (સિન્ડિકેટ વિભાગ)</u>**

કા.આચાર્યશ્રી, એન.આર.પટેલ બી.એડ કોલેજ, કરમસદમાં જૂન-૨૦૧૫ થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે B.Edનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા ચાલુ જોડાણ મેળવવા માટે તેમના તારીખ : ૧૦/૦૩/૧૮ ના પત્રાંકઃ NRP/2017-18/88થી કરેલ અરજી ઉપર સ્થાનિક તપાસ સમિતિ નિમ્યાના.

**તથા**

**<u>(૨) મંજુરી આપ્યા તારીખ(૦૪/૦૪/૨૦૧૮) (મહેકમ વિભાગ)</u>**

અનુસ્નાતક એમ.એસ.ડબલ્યુ વિભાગમાં રીડર(ડીઈએસ) તરીકે ફરજ બજાવતા ર્ડા. બીગી થોમસ તેઓના તારીખઃ૩૧/૦૩/૨૦૧૮ના પત્ર નંબરઃએમ.એસ.ડબલ્યુ/એમ.એસ.ડબલ્યુ એચઆર/એમ.ફીલ/ પીએચડી/૬૯૯ થી તેમના ફેમીલી સાથે દુબઇ જવા તારીખઃ૦૨/૦૪/૨૦૧૮ થી તારીખઃ૦૯/૦૪/૨૦૧૮ સુધીની ૦૮ દિવસની રજાઓ મંજુર કરવા કરેલ વિનંતીને કુલપતિશ્રીએ મંજુર કર્યાના;

**તથા**

**<u>(૩) મંજુરી આપ્યા તારીખ(૦૯/૦૫/૨૦૧૮) (મહેકમ વિભાગ)</u>**

અનુસ્નાતક રસાયણશાસ્ત્ર સાયન્સ વિભાગમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. સૌરભ એસ. સોની તેઓની તારીખઃ૦૮/૦૫/૨૦૧૮ની અરજી થી વીઝીટીંગ પ્રોફેસર/સાયન્ટીસ્ટ તરીકે ચાઇના તારીખઃ ૧૦/૦૫/૨૦૧૮ થી તારીખઃ૧૦/૦૬/૨૦૧૮ સુધી ઉનાળુ વેકેશન દરમ્યાન જવા કરેલ વિનંતી ને કુલપતિશ્રીએ મંજુર કર્યાના ;

**કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોકત બાબત ક્રમાંકઃ૨૬.૧ થી ૨૬.૩ ના કાર્યો ને બહાલી આપવામાં આવી.**

૨૭. યુનિવર્સિટીના સુચિત મલ્ટીપર્પજ ઓડીટોરીયમ માટે દાન આપવા અંગે યુનિ.ના તા.૧૫/૦૫/૨૦૧૮ના પત્રાંકઃવીસી/૨૦૧૮/૯૮૩ના પત્રથી કરેલ વિનંતીના અનુસંધાને શ્રી દેવાંગ પટેલના તાઃ૧૭/૦૫/ ૨૦૧૮ના પત્રથી કરેલ રજુઆત સંદર્ભે ચર્ચા વિચારણા કરવા બાબત. (બિડાણઃ૧૦ પૃઃ ૧૩૪)

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે શ્રી દેવાંગ પટેલના તારીખઃ ૧૭/૫/૨૦૧૮ના પત્રથી નિર્દેશ કરેલ શરતોનો સર્વાનુમતે સાભાર સ્વીકાર કરવો.**

**(જનરલ વિભાગ)**

૨૮. યુનિવર્સિટીના કુલપતિશ્રી ના વપરાશ માટે નવા વાહનની ખરીદી કરવા અંગે વિચારણા કરવા બાબત.

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રી ના વપરાશ માટે નવા વાહનની ખરીદી કરવા અંગેની ઉપરોકત દરખાસ્ત મંજુર કરવી.**

**(એકેડેમિક વિભાગ)**

૨૯. સેનેટના સભ્યશ્રીઓને યુનિવર્સિટીના કાયદાની કલમ-૨૪(૨)(બી) મુજબ સંબંધકર્તા વિદ્યાશાખામાં સભ્ય તરીકે નિયુકત કરવા અંગે વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૧૧ પૃ. ૧૩૫ થી ૧૬૧)

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે સેનેટના સભ્યશ્રીઓને યુનિવર્સિટીના કાયદાની કલમ-૨૪(૨)(બી) મુજબ સંબંધકર્તા વિદ્યાશાખામાં સભ્ય તરીકે નિયુકત કરવા તથા આગામી સેનેટમાં બાબત રજુ કરવી.**

૩૦. Dr Gordhan N Patel, JP Laboratories Inc, 120 Wood Avenue, Middlesex, NJ, USA તથા The Sardar Patel University, Vallabh Vidyanagar દ્વારા Memorandum of Agreementના મુસદ્દા પર ચર્ચા વિચારણા કરવા બાબત. (બિડાણઃ૧૨ )

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે Dr Gordhan N Patel, JP Laboratories Inc, 120 Wood Avenue, Middlesex, NJ, USA તથા The Sardar Patel University, Vallabh Vidyanagar દ્વારા Memorandum of Agreementમાં પ્રતિ હસ્તાક્ષર કરવા યુનિ.ના કુલસચિવશ્રીને અધિકૃત કરવા.**

૩૧. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૨૦૧૯માં યુનિવર્સિટી સંલગ્ન કેટલીક બી.એડ્. કોલેજને શોકોઝ નોટીસ આપવામાં આવી હતી. જેના અનુસંધાનમાં WRC ભોપાલ ને યુનિવર્સિટી દ્વારા પત્ર નં. ડી/૨૦૧૭-૧૮/૧૧૧૨૪ તારીખઃ૩૧/૩/૨૦૧૮ના રોજ જે તે બી.એડ્. કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવો કે કેમ તે બાબતે જરૂરી સ્પષ્ટતા કરવા જાણ કરેલ હતી. મંજૂરી માટે જાણ કરેલી છે પરંતુ WRC ભોપાલ દ્વારા યુનિવર્સિટી ને કોઇ લેખિત જાણ કરેલી નથી. તથા તારીખઃ૧૩/૪/૨૦૧૮ના રોજ કુલપતિશ્રીની અધ્યક્ષતામાં યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કોલેજના આચાર્યશ્રીઓની સભાની ભલામણ મુજબ જે કોલેજોને NCTE ભોપાલ દ્વારા શોકોઝ નોટીસ ઇસ્યુ કરવામાં આવીછે તે કોલેજો અને પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પાસેથી બાંહેધરી પત્રક મેળવીને પ્રવેશ આપેલ છે.

WRC ભોપાલ ની મિટિંગ નં.૨૯૨ તારીખઃ૧૫-૧૭ મે ૨૦૧૮ મુજબ યુનિવર્સિટી સંલગ્ન નીચે મુજબની બી.એડ્. કોલેજોનું રેકોનાઇઝેશન વિડ્રોલ એકેડેમિક વર્ષ ૨૦૧૮-૨૦૧૯થી કરેલ તથા યુનિવર્સિટી દ્વારા જે તે કોલેજોમાં કુલ ઇનટેકની સામે વર્ષ ૨૦૧૮-૨૦૧૯ માટે બી.એડ્. પ્રવેશ મધ્યસ્થ સમિતિ દ્વારા નીચે મુજબ પ્રવેશ ફાળવવામાં આવેલ છે. તો નીચેની કોલેજના વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે યોગ્ય નિર્ણય લેવા વિચારણા બાબત.

| નંબર | બી.એડ્. કોલેજનું નામ | કુલ ઇન્ટેક | પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | સેકન્ડરી ટીચર્સ ટ્રેનીંગ કોલેજ ખેડા (ગ્રાન્ટેડ કોલેજ) | ૫૦ | ૪૬ |
| ૨. | શ્રીમતી ધારીણીબેન શુકલા મહિલા કોલેજ, મહેમદાવાદ (સેલ્ફ ફાઇનાન્સ) | ૧૦૦ | ૪૨ |
| ૩. | આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ (સેલ્ફ ફાઇનાન્સ) | ૫૦ | ૨૪ |
| ૪. | આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ (ગ્રાન્ટેડ) | ૫૦ | ૪૩ |
| | કુલ- | ૨૫૦ | ૧૫૫ |

તથા

વેમેડ એજ્યુકેશન કોલેજમાં (એમ.એડ્.) વલ્લભ વિદ્યાનગરને શોકોઝ નોટીસ પાઠવેલ છે. તથા સદર અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા તારીખ ૨૧/૫/૨૦૧૮થી શરૂ થનાર છે જે અંગે યોગ્ય નિર્ણય લેવા વિચારણા કરવા બાબત.

ઉપરોક્ત બાબતની સિન્ડિકેટની સભામાં જરૂરી ચર્ચા વિચારણા કરવા અંગે રજૂ. (બિડાણઃ**૧૩**)

**સભામાં થયેલી સર્વગ્રાહી અને પુખ્ત ચર્ચા વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબતની નોંધ લઇ આગળની કાર્યવાહી હાથ ધરવી.**

**(જનરલ વિભાગ)**

**.૩૨.** ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા "Student Startup and Innovation Policy"(SSIP) અંતર્ગત રાજ્ય સરકારશ્રીના હસ્તક યુનિવર્સિટીઓ પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવેલ , તે અન્વયે સરદાર પટેલ યુનિવર્સિટીની દરખાસ્ત સ્વીકારી રૂ. ૨ કરોડનું અનુદાન મંજૂર કરેલ છે તેની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે મંજૂર કરેલ ઉપરોક્ત અનુદાનની સહર્ષ નોંધ લેવી અને સંબંધકર્તાને અભિનંદન પાઠવવા.**

૨૬. **કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યની માહિતીઃ**

**(૪) મંજુરી આપ્યા તારીખ(૨૧/૦૫/૨૦૧૮) (એકેડેમિક વિભાગ)**

બાબત ક્રમાંક : ૧.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી યુનિવર્સિટીના અનુસ્નાતક ભવન CISST ખાતે M.Sc Applied Physics નો (સેલ્ફ ફાઈનાન્સ ધોરણે) નવો અભ્યાસક્રમ શરૂ કરવા મંજૂર કર્યાના.

બાબત ક્રમાંક : ૨.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી યુનિવર્સિટીના અનુસ્નાતક ભવન USIC ખાતે નવો સર્ટીફીકેટ કોર્ષ ઇન "Repairs of air conditioners and water coolers"નો (સેલ્ફ ફાઈનાન્સ ધોરણે) નવો અભ્યાસક્રમ શરૂ કરવા મંજૂર કર્યાના.

**કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યને બહાલી આપવામાં આવી.**

નંબરઃ કે.૪/ ૬૯૧૩

વલ્લભ વિદ્યાનગર

તારીખઃ૨૫/૦૫/૨૦૧૮

કા. કુલસચિવ

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ.